# આઈ.પી. મિશન હાઈસ્કૂલ અમદાવાદ

## ટૂંકો ઈતિહાસ (સને ૧૮૬૬ થી ૨૦૧૬)

## સાર્ધ શતાબ્દિ (૧૫૦) વર્ષ

### પ્રસ્તાવના :

ઈ.સ. ૧૮૪૧માં આયર્લેન્ડની પ્રેસબ્રિટેરીયન મંડળીએ રેવ એલેકજાંડર અને રેવ. જેમ્સ ગ્લાસગો ને સહકુટુંબ કાઠીયાવાડના મુખ્ય શહેર રાજકોટમાં સુવાર્તાની મુલ્યવાન સેવા માટે મોકલ્યા. બન્ને મિશનરીઓએ રાજકોટમાં મિશન કેન્દ્ર ખોલ્યુ અને રાજકોટ જુનાગઢ પોરબંદર અને ઘોઘામાં સુવાર્તા પ્રચારના કાર્યનો પ્રારંભ કર્યો. પરંતુ મુંબઇ ઇલાકાના ઉત્તર વિભાગના સૌથી વધુ વસ્તી ધરાવતા વેપાર ધંધામાં અગ્રસ્થાને ધનાઢ્ય એવા સુપ્રસિદ્ધ શહેર, અમદાવાદમાં ૧૮૫૧ સુધીમાં મિશન કેન્દ્ર ખોલ્યુ ન હતુ એનું કારણ પરદેશમાં સુવાર્તા પ્રગટ કરવા સુવાર્તા પ્રચારક મંડળ (એસ.પી.જી.) નામની સંસ્થાના ત્રણ પાળકો સુવાર્તાનું કાર્ય આ શહેરમાં કરતા હતા. કોઇ કારણસર આ સોસાયટીએ ૧૮૫૧માં પોતાનું સેવા કાર્ય બંધ કરી અમદાવાદ છોડ્યું. તે સમયે મુંબઇ શહેરમાં ગાર્ડિયન નામનું લોકપ્રિય છાપુ પ્રગટ થતું હતું. તેમાં એક ધાર્મિક અનામી પત્ર છપાવીને એવું જાહેર કર્યુ કે જે કોઇ પ્રોટેસ્ટન્ટ મતની સોસાયટી અમદાવદામાં પડતુ મુકેલ કામ હાથમાં લેશે તેને મારા તરફથી રૂા. ૨૦૦૦ ની મદદ આપવામાં આવશે. આ પત્ર રેવ. જેમ્સ મકી ના વાંચવામાં આવ્યો પોતાના સાથી સિનિયર મિશનરી રેવ. જેમ્સ ગ્લાસગોને પત્રમાંની વિગતો વિશે જણાવ્યું. બન્ને મિશનરીઓએ ભલામણ સાથે આ પત્ર ડૉ. મોર્ગન ઉપર આયર્લેન્ડ મોકલ્યો. ૧૮૫૨માં માતુશ્રી મંડળીની મહાસભાએ પત્રમાં દર્શાવેલી ભલામણ સ્વીકારીને કારોબારી સમિતિને બનતી ઉતાવળે અમદાવાદમાં કામ શરૂ કરવા સુચના કરી.

અમદાવાદમાં મિશન કેન્દ્ર ખોલવા માટે ૧૮૫૫માં રેવ.ડનલોપ મુરને મોકલવામાં આવ્યા. આ વખતે બે મિશનરીઓ રજા ઉપર ઉતર્યા અને એકે રાજીનામું આપ્યું. વળી ડનલોપ મુર અચાનક માંદા પડયા અને રજા ઉપર ઉતર્યા તેથી ૧૮૬૧માં કામનો પ્રારંભ કરવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, તે શકય બની નહી માંદગીની રજા પુરી થતાં રેવ. ડવનલોપ મુર ૧૮૬૩માં અમદાવાદ આવ્યા. દિલ્હી દરવાજા બહાર હઠીભાઈની વાડી પાસે એક મકાન ભાડે રાખ્યુ અને ૧-૧૨-૧૮૬૩ ના રોજ તેમાં પ્રાર્થનાસભા રાખવામાં આવી, જેમાં બાર ખ્રિસ્તી વ્યકિતઓ હાજર હતા. એ જ ધન્ય દિવસ એ જ અમદાવાદની ખ્રિસ્તી મંડળીની સ્થાપનાનો દિવસ હતો. વળી આજ ભાડાના ઘરમાં એક પ્રાથમિક શાળા પણ શરૂ કરવામાં આવી. એક ગુજરાતી શાળાના આરંભથી આઈ. પી. મિશન હાઈસ્કૂલના બીજ રોપાયા. આ પ્રકરણને ઈશ્વરની આંગળી એવું નામ આપવામાં આવ્યું.

### આઈ. પી. મિશન હાઈસ્કૂલની સ્થાપના :

શહેરના કેટલાક માનવંતા નાગકિો તરફથી અંગ્રેજી શાળા ખોલવા માટે વિનંતરી કરતી અરજી રેવ. ડનલોપ મુરને કરવામાં આવી. આ સેવા કાર્યને ઉત્તેજન આપવા માટે મહે.કલેકટર સાહેબના મેડમ સાહેબની

આગેવાની નીચે મિશનરી બાનુઓના સહકારથી રૂા. ૧૧૦૦ દાન એકઠુ કરવામાં આવ્યું. આમ રેવ.ડનલોપ મુરને નાણાંકીય સહાય મળવાથી હાલમાં જયાં આજે મિશન હાઇસ્કૂલનું કમ્પાઉન્ડ છે. તેમાં બીજુ એક ભાડાનું મકાન રાખીને તા. ૧-૬-૧૮૬૬ના શુભ દિવસે અંગ્રેજી શાળાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. તે જ દિવસે એક્સો (૧૦૦) જેટલા વિદ્યાર્થીઓ શાળામાં દાખલ થયા. પ્રભુના સેવક રેવ.ડનલોપ મરુને જે હેતુસર અમદાવાદમાં મોકલવામાં આવ્યા હતા તે હેતુ બહાર આવ્યો. મંડળી અને હાઇસ્કૂલની સ્થાપના તેમના હસ્તે થઇ. આઇ. પી. મિશન હાઇસ્કૂલના પ્રથમ સુપરિન્ટેન્ડેન્ટની ફરજ તેમના શિરે આવી. મંડળી અને હાઇસ્કૂલનુ કામ સરસ રીતે ચાલતું હતું. એવામાં ફરીથી રેવ. ડનલોપ મુર માંદા પડયા અને ૧૮૬૮ના અંતમાં તેઓને કાયમને માટે સ્વદેશ જવું પડયું. ટુંકાગાળાના સમયમાં તેઓએ જે ઉત્તમ કાર્યનો આરંભ કર્યો તેનું કદીએ વિસ્મરણ થશે નહીં.

રેવ.ડનલોપ મુરના અનુગામી તરીકે તેઓના જેવા બાહોશ, ખંતીલા, મહેનતુ અને સાક્ષર એવા રેવ. વિલિયમ મેકમોર્ડિની નિમાણુંક ૧૮૬૮માં કરવામાં આવી. મિશન હાઇસ્કૂલના સુપ્રિટેન્ડન્ટ તરીકે તેમજ હાઇસ્કૂલને માટે નવું મકાન બાંધવાનું તથા તેને માટે જમીન ખરીદ કરવાનું કામ પણ તેમના શીરે હતું. આ કાર્યમાં રેવ. જે. વી. એસ ટેલર તરફથી ખુબ સુંદર સહકાર અને ટેકો મળ્યો. જે જગ્યામાં શાળાનુંપાડાનું મકાન હતું તે જ જગ્યા ખરીદી લેવામાં આવી. મિશન હાઇસ્કૂલના મકાનનો તથા બંગલાનો પાયો નાખવામાં આવ્યો. મકાનનું કામ ઝડપથી આગળ વધી રહયુ હતું. બેવડા કાર્યના બોજને લીધે રેવ. મેકમોર્ડિ માંદા પડયા અને તેમને સ્વદેશ પાછા જવુ પડયું. રેવ. મેકમોર્ડિ ૧૮૯૯ સુધી સેવાઓ બજાવી તે દરમિયાન ૧૮૭૫માં મિશનરી બંગલો તૈયાર થયો. ૧ી જુન ૧૮૭૫માં હાઇસ્કૂલનું મકાનનું બાંધકામ પૂરું થતાં તેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. મીસ્ટર એફ. એલ. મેકાફીને ૧૮૭૮માં હાલઇસ્કૂલના સુપ્રિન્ટેન્ડન્ટ તરીકે નિમવામાં આવ્યા. ૧-૬-૧૮૭૫ થી નવા મકાનમાં હાઇસ્કૂલથી શરૂઆત કરવામાં આવી. ૧૮૮૯ થી ૧૮૯૨ રેવ. જી. પી. ટેલર પ્રિન્સિપાલ નિમાયા. ત્યારથી પ્રતિદિન હાઇસ્કૂલની પ્રગતિ થતી રહી છે. વિદ્યાર્થીઓની સંખ્યા વધવાથી હાઈસ્કૂલના પૂર્વ તરફના કોટની સાથે બે વર્ગો ચલાવી શકાય તેમજ શિક્ષકો માટે ખાસ રૂમ પણ ફાળવી શકાય તે મુજબનું એક માળનું મકાન બાંધવામાં આવ્યું.

વિદ્યાર્થીઓની સંખ્યા વધતા મિશન કામદારોના જુના મકાનોમાં અને મિશનરી બંગલામાં પણ વર્ગો શરૂ કરવામાં આવ્યા. છતાં મકાનની અછત જેમની તેમ રહી. મિશનેરી બંગલો અને હાઇસ્કૂલની વચ્ચેની જમીનમાં ૧૯૬૨માં મેનેજર વડીલ સી. કે. બોરસદા દ્વારા ઉત્તર-દક્ષિણે અધ્યતન નવુ મકાન બાંધવામાં આવ્યું. ૧૯૫૨ સુધી અંગ્રેજી માધ્યમમાં અને ત્યાર પછી ગુજરાતી માધ્યમમાં શાળા ફેરવવામાં આવી. તેની સાથે મિશ્ર શાળા (કુમાર-કન્યા) કરવામાં આવી. તેથી વિદ્યાર્થીઓની સંખ્યામાં ઘણો વધારો થયો. (વર્તમન પરિસ્થિતિ જોતાં ૧૯૯૪માં હાઇસ્કૂલની સાથે તેની ભગિની શાળા તરીકે અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરવામાં આવેલ છે. જેમાં ધોરણ ૧ થી ૧૨ના વર્ગો ચલાવવામાં આવે છે. )

રમતગમત ક્ષેત્રે તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોમાં મિશન હાઇસ્કૂલનું નામ ઘણા વરસથી જાણીતું છે. ક્રિકેટ, ફૂટબોલ, વોલિબોલ, દડામાર, બેડમિંટન, ખો-ખો, કબડ્ડી, વગેરેમાં સારી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગોલ્ડ મેડલો પ્રાપ્ત કર્યા છે. ૧૯૪૫ થી ૧૯૫૫ સુધી આઇ. પી. મિશન હાઇસ્કૂલ ફૂટબોલમાં અમદાવાદ લેવલે ચેમ્પિયન રહી હતી. અગાઉના વરસમાં સ્કાઉટ, ગર્લ ગાઇડ અને સી. સી. વગેરે પ્રવૃતિઓ પ્રસિદ્ધ હતી. વળી શિસ્ત નીતિશિક્ષણ અને સંસ્કાર પર પૂરંતુ ધ્યાન આપવામાં આવે છે.

૧૮૬૬ થી ૧૯૫૭ સુધીના સમયગાળામાં બ્રિટનની પ્રખ્યાત યુનિવર્સિટી ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરી ૩ આઈરીશ સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રિન્સિપાલો અને ૧૨ મેનેજર્સ અને સાત મેનેજીંગ કમિટીના ચેરમેન દ્વારા મિશન હાઈસ્કૂલનું સફળ સંચાલન કરવામાં આવ્યું છે. ૧૯૨૦ થી ૧૯૨૫ ચાર વરસ માટે આ શાળા કોઇક કારણોસર સ્ટાફની સંખ્યા ફકત બે કર્મચારીની હતી જે બંધ જેવી હાલતમાં હતી. જેને ૧૯૨૫માં ફરીથી રી-ઓપન કરવામાં આવી. જેના પહેલા હેડમાસ્તર શ્રી સી. ડી. દારુ હતા. તેમજ ૧૯૨૬-૨૭ માં શ્રી પ્રિન્સિપાલોમાં મિસ્ટર ઓ. એનં બ્રાઉને (૧૯૨૭ થી ૧૯૫૫) ૨૮ વરસ તથા મેનેજર તરીકે બે વરસ મળી કુલ ૩૦ વરસ સુધી આ હાઈસ્કૂલનું સુકાન સંભાળી હાઈસ્કૂલની પ્રગતિમાં મુલ્યવાન ફાળો આપ્યો છે. (૧૯૩૨-૩૩-૪૦-૪૩ શ્રી કે. વી. ધોળકિયા - ૧૯૪૬ થી ૧૯૪૮ સુધી રેવ. સી. કે. યંગ પ્રિન્સિપાલ તરીકે કામગીરી કરેલ છે.) સ્વભાવે નમ્ર, પ્રેમાળ, સેવાભાવી અને કાર્યદક્ષ એવા આ પ્રિન્સિપાલે ગરીબ અને નબળા વર્ગના વિદ્યાર્થીઓ પ્રત્યે પૂરંતુ ધ્યાન આપી તેમને જોઈતી મદદ કરી. એક વિકલાંગ વિદ્યાર્થીને થ્રી-વ્હીલ સાયકલ ઇંગ્લેન્ડથી મંગાવી આપી હતી. હાઈસ્કૂલ સ્ટાફ સાથે તેમનો વ્યવહાર ઘણો ઉમદા હતો.

૩૦ વરસથી યશસ્વી સેવા આપ્યા બાદ મી. ઓ. એન. બ્રાઉન નિવૃત્ત થયા. તેમની જગ્યાએ સૌપ્રથમ ગુજરાતી હેડમાસ્તર શ્રી ઇચ્છાશંકર એફ. વૈષ્ણવ ૧૯૫૩-૫૪ અને ૧૯૫૭ થી ૧૯૬૨ નિમાયા. ૧૯૬૨ થી ૧૯૬૪ ૧૯૬૭ સુધી શ્રી વાય. એલ. ક્રિષ્ટીની નિમણૂંક કરવામાં આવી. તેઓશ્રીની વિદાય પછી એ. સી. ધર્મરાજ પ્રિન્સિપાલ તરીકે આવ્યા. તેઓની બદલી સુરત હાઈસ્કૂલમાં થયા પછી અર્નેસ્ટ ઓ. ક્રિશ્ચિયન ૧૯૬૭ થી ૧૯૮૭ સુધી મિશન હાઈસ્કૂલના પ્રિન્સિપાલ પદે રહી હાઈસ્કૂલની પ્રગતિમાં અમૂલ્ય ફાળો આપ્યો. તેઓ તા. ૩૧-૧૦-૧૯૮૭ ના રોજ નિવૃત્ત થયા. તેઓશ્રીના અનુગામી તરીકે આજ હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઅને હાઈસ્કૂલના આદર્શ શિક્ષક શ્રી કાંતિલાલ એમ. ક્રિસ્ટી હાઈસ્કૂલના પ્રિન્સિપાલ તરીકે નિમાયા. તેઓશ્રી એ પંદર વર્ષ સુધી ઉત્તમ સેવા આપી, હાઈસ્કૂલનું ગૌરવ જાળવી રાખ્યું. શ્રી કાંતિલાલ એમ. ક્રિસ્ટી તા. ૧૦-૧-૨૦૦૨ ના રોજ નિવૃત્ત થયા તેઓની નિવૃત્તિ પછી આજ શાળાના વિદ્યાર્થીઅને આઇ. પી. મિશનના સ્કોલર સ્ટુડન્ટ એવા શ્રી જે. ડી. કલાસવાની આચાર્ય તરીકે તા. ૩-૫-૨૦૦૨ ના રોજ નિમણૂંક થઇ. આજ સુધીમાં થઇ ગયેલા સુપ્રિન્ટેન્ડેન્ટ પ્રિન્સિપાલો, મેનેજર્સ, આચાર્યો, સુપરવાઇઝરો અને શિક્ષકગણની સેવાઓની કદર કરતાં તેમને બિરદાવીએ છીએ. ખાસ આ સમયે શ્રી માયકલ એમ. પરમાર, શ્રી આલ્બર્ટ કે ક્રિશ્ચિયન, શ્રી એડીસન સેમ્યુલભાઇ, શ્રી ઇબ્રાહીમ રણછોડભાઇ, શ્રી જોન લોરેન્સભાઇ, શ્રીમતી સંતોષબેન ઇબ્રાહીમભાઇ, શ્રીમતી અબીગાઇલબેન ડી. ક્રિશ્ચિયન વગેરેની ઉત્તમ કાર્યની નોંધ લઇએ છીએ.

## ખ્રિસ્ત સેવા સદન હોસ્ટેલ :

એક સમય એવો હતો કે ગુજરાતમાં આંગળીને વેઢે ગણી શકાય તેટલી હાઈસ્કૂલો હતી. ગુજરાતભરના ખ્રિસ્તી વિદ્યાર્થીઓ માટે નદી પાર રસાલામાં ડીવીનીટી કોલેજની કેટલીક રૂમોમાં આઇ. પી. મિશન હોસ્ટેલની વ્યવસ્થા કરવામાં આવી. તેમને માટે હાઈસ્કૂલમાં અગાઉથી પ્રવેશની વ્યવસ્થા કરવામાં આવતી. તેજસ્વી વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની વ્યવસ્થા કરવામાં આવતી હતી. મેટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબર લાવનારને મુંબઇની વિલ્સન કોલેજની સ્કોલરશીપ આપવામાં આવતી હતી. સમગ્ર ગુજરાતમાં પણ સ્કોલરશીપ માટે પરીક્ષા લેવામાં આવતી હતી. સમગ્ર ગુજરાતમાં પણ સ્કોલરશીપ માટે પરીક્ષા લેવામાં આવતી અને સમગ્ર ગુજરાતમાં પ્રથમ ત્રણ ક્રમે આવનાર વિદ્યાર્થીઓનો ધોરણ આઠથી બાર સુધીનો સમગ્ર ખર્ચ રહેવા, જમવા તથા તમામ અભ્યાસ સામગ્રી પણ પુરી પાડવામાં આવતી હતી. વરસમાં ત્રણ વાર ઘરે જવા માટે ભાડુ પણ આપવામાં આવતુ હતું. આઇ. પી. મિશનના સ્કોલર સ્ટુડન્ટ તરીકે અભ્યાસ કર્યો હોય તેવા વિદ્યાર્થીઓમાં શ્રી જે. ડી. કલાસવા (આચાર્ય આઇ. પી. મિશન હાઈસ્કૂલ, અમદાવાદ), નિકોલસ પ્રેમજીભાઇ

કલાસવા, શ્રી પ્રકાશ ચુનિલાલ ગરાસિયા (શિક્ષક), શ્રી સુલેમાન કે. સિંગાડા (શિક્ષક), શ્રી ખુમાનસિંગ સિંગાડા (આર. એફ. ઓ.), ઉલ્લાસ માથ્યસ (શિક્ષક) હોસ્ટેલમાં રમતગમત અભ્યાસ અને શાસ્ત્રશિક્ષણ પર પૂરંતુ ધ્યાન આપવામાં આવતું. વધુ સારી સગવડ મળે તે માટે ખ્રિસ્ત સેવા સદન નામની હોસ્ટેલ ૧૯૫૪માં બાંધવામાં આવી. રેવ. ખોડાભાઈ, રેવ. હેનરી વિલ્યમભાઈ, રેવ.સુલેમાન ગોવિંદભાઈ, શ્રી ગેર્શોમ નારાણભાઈ, શ્રી જેઠાલાલ ભીખાજીભાઈ, શ્રી કાંતિલાલ એમ. ક્રિસ્ટી અને ત્યારબાદ શ્રી માર્ટિન એસ. ક્રિસ્ટી એ ખુબ સુંદર રીતે હોસ્ટેલનું સંચાલન કર્યું છે. હોસ્ટેલમાં રહી હાઈસ્કૂલમાં અભ્યાસ કરી ગયેલા વિદ્યાર્થીઓએ મંડળી અને મંડળી બહાર વિવિધ પ્રકારની સેવાઓ દ્વારા ઉત્તમ સેવા કાર્ય કર્યું છે. જેનો જશ આઈ. પી. મિશન હાઈસ્કૂલના ફાળે જાય છે.

## મંડળીના વિકાસમાં આઈ. પી. મિશનનો ફાળો :

મિશન હાઈસ્કૂલની સ્થાપના સાથે સાથે અમદાવાદની ખ્રિસ્તી મંડળી પણ બુદ્ધિ પામતી આવી છે. શરૂઆતથી મિશન હાઈસ્કૂલના મકાનમાં રવિવારની ભજનસેવા ચલાવવામાં આવતી. ખ્રિસ્તી ધાર્મિક પ્રવૃત્તિઓ કરવામાં આવતી. ૧૯૦૦ની સાલમાં પ્રભુમંદિર બાંધવામાં આવ્યું. ત્યાં સુધી આઈ. પી. મિશન હાઈસ્કૂલે પ્રાર્થના મંદિરની સગવડ પુરી પાડી. હાઈસ્કૂલના ખ્રિસ્તી શિક્ષકો સન્ડેસ્કૂલના વર્ગો ચલાવતા. ખાસ ઘણા વરસ સુધી શ્રી આલ્બર્ટ કે ક્રિશ્ચિયનને શિક્ષક અને સન્ડેસ્કૂલના સુપ્રિટેન્ડેન્ટ તરીકેની ઉત્તમ સેવાઓ આપી છે. વળી સુવાર્તા પ્રચારના અઠવાડિયામાં હાઈસ્કૂલના શિક્ષકોની ટોળી પાડવામાં આવતી. શહેરના વિવિધ ભાગોમાં સુવાર્તાની સાક્ષી આપવામાં આવતી. આજે પણ આઈ. પી. મિશન હાઈસ્કૂલમાં મંડળીના કાર્યક્રમો, સન્ડેસ્કૂલની પરીક્ષાઓ, દુઃખસહન સપ્તાહની ધાર્મિક સભાઓ માટે આજે પણ વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. ગુજરાત અને અમદાવાદની ખ્રિસ્તી મંડળીઓના વિકાસમાં આઈ. પી. મિશન હાઈસ્કૂલે ખૂબ જ મહત્ત્વનો ફાળો આપ્યો છે તે વિશે બેમત હોઈ શકે નહીં.

૧૫૦ વર્ષ જુની આ હાઈસ્કૂલમાં હજારો ખ્રિસ્તી અને અખ્રિસ્તી વિદ્યાર્થીઓએ અભ્યાસ કર્યો છે. સમગ્ર ગુજરાતમાં ઉચ્ચકોટીના નાગરિકો પૂરા પાડયા છે. વળી દરેક ક્ષેત્રમાં વિવિધ પ્રકારની જવાબદારીઓ અદા કરતા પ્રમાણિક અને ઉમદા એવા આગેવાનો પુરા પાડી ગુજરાતભરની ઉન્નતિમાં મિશન હાઈસ્કૂલે જે ફાળો આપ્યો છે તેનું ઋણ અદા કરી શકાય તેમ નથી.

હાઈસ્કૂલની સ્થાપનાથી આજ સુધીમાં ઘણા ફેરફારો થયા છે. શરૂઆતમાં મિશન કાઉન્સિલની હસ્તક મિશનરી પાળકો હાઈસ્કૂલનું સંચાલન કરતા, ત્યારબાદ ગુજરાત ચર્ચ કાઉનિસલના જનરલ બોર્ડ દ્વારા અને ૧૯૭૦થી ગુજરાત ક્રિશ્ચિયન સર્વિસ સોસાયટી દ્વારા મેનેજીંગ કમિટીના પ્રમુખ હસ્તક હાઈસ્કૂલનું સંચાલન કરવામાં આવે છે.

મેનેજીંગ કમિટીમાં શ્રી. પી. સી. પેટ્રિક (૧૯૬૭), રેવ. જે. જી. ક્રિસ્પાલ (૧૯૬૭ થી ૧૯૭૪), શ્રી શાઉલ એમ. ક્રિસ્ટી (૧૯૭૪ થી ૧૯૮૧), પ્રોફેસર જ્યોર્જ કંથારીયા (૧૯૮૨ થી ૧૯૯૪), શ્રી માર્ટિન એસ. ક્રિસ્ટી (૧૯૯૪ થી ૨૦૧૦), શ્રી મહેન્દ્ર કે. કટારા (૨૦૧૧ થી ૨૦૧૪), શ્રી કે. એમ. ક્રિસ્ટી (૨૦૧૫ થી હાલ ચાલુ) મેનેજીંગ કમિટીના પ્રમુખ તરીકે સેવા આપી રહ્યા છે.

૧૫૦ વર્ષથી મિશન હાઈસ્કૂલ એકધારી રીતે પ્રગતિ કરતી આવી છે. તેનું મુખ્ય કારણ સુશિક્ષિત, પ્રમાણિક, વિશ્વાસુ અને ખંતિલા એવા સુપ્રિટેન્ડેન્ટો, પ્રિન્સિપાલો, હેડમાસ્તરો, સુપરવાઈઝરો અને શિક્ષકો મિશન હાઈસ્કૂલને પ્રાપ્ત થયા. તેને માટે ઈશ્વર પિતાનો આભાર માનીએ છીએ અને પ્રાર્થીએ છીએ કે હવે પછીના સમયમાં પણ મિશન હાઈસ્કૂલ દિનપ્રતિદિન વધુને વધુ પ્રગતિ કરતી રહેશે.

આ પ્રસંગે હાઈસ્કૂલના કેટલાક આગેવાનો, વ્યવસ્થાપકો અને સંચાલકોના કાર્યની તેમજ હાઈસ્કૂલના ભૂતપૂર્વ તેજસ્વી સિતારાની ટૂંકી જીવન ઝાંખી રજુ કરતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.